મહાજનના ભાગલા.

યાને

સગુણી શારદા.

લખનાર તથા પ્રગટ કરનાર

ડાહ્યાભાઈ નવલરામ.

ખપાટિઆ ચકલા સુરત.

સુરત ચૌટાના પુલ ઉપર આવેલા જશંકર પ્રિન્ટીંગ

પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

સને ૧૯૧૭. સંવત ૧૯૭૩.

કિંમત એક આનો.

પ્રસીદ્ધ કરનાર.

ડાહ્યાભાઇ નવલરામ.

પ્રસીદ્ધ કરવાનું ઠેકાણું—ખપાટીઆ ચકલા સુરત.

સુરત ચઉટાના પુલપર ટાંકીની પાસે આવેલા "શંકર" પ્રીન્ટીંગ પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

પ્રકરણ પહેલું.

ચોકો કે ચાહ.

કેમ શારદાભાભી શું ચાલે છે? પધારો?

શ્રીમદ્‌ભાગવતનું વાંચન ચાલે છે.

મંજુલા—ઓહો! ત્યારે તો તમે ભાગવત વાંચી ભગવતી બનવાના કેમ ભાભી?

શારદા—ભગવતી થવું સહેલું નથી, પણ સન્માર્ગ ગ્રહણ કરવામાંજ મને તો આનંદ લાગે છે.

મંજુલા—સન્માર્ગનો સમુહ શું ભાગવતમાંજ સમાયો છે કે?

શારદા—બ્હેન! અનેક સત્પુરુષ-સ્ત્રીના જીવનમાં સત્યને માર્ગે ચાલતાં તેઓને શી શી મુશ્કેલી પડી અને શાંતિપૂર્વક તેના નિવારણના તેઓએ શા શા ઉપાયો યોજ્યા વગેરેનો સદ્‌બોધ ભાગવતમાં ઠામ ઠામ નજર આવે છે.

મંજુલા—ભાભી! પોથાંનાં થોથાં ગોટવાનો કાળ ગયો છે. નજર ઉઘાડો! દુનીઆ આગળ વધે છે. સ્ત્રીઓને ઉન્નત માર્ગપર લઈ જવા, અનેક વિદ્વાનો જીવતોડ-યત્ન કરી રહ્યા છે. શરૂઆત સ્ત્રીઓ સર્વથા નિંદાય છે. સ્ત્રી સમાજની સ્થાપના શરૂ થઈ ચૂકી છે. અને મહત્વના વિષયમાં સ્ત્રી-પુરુષનું અંતર નષ્ટ થયું છે. સ્ત્રીઓને જોઈતી છૂટ આપવામાં આવે છે. ત્યારે સ્ત્રીઓની ઉન્નતિના સર્વ પ્રયાસો એ... [illegible]

સંજ્ઞા શા...

તરફ ઘર શ્રમ છે; ત્યારે ભાભી! તમારાં જેવા ભગવતી ભાગવત વાંચી કૃતાર્થ થાય એ શું કહેવાય!

આ લાંબુ છટાદાર ભાષણ સાંભળી શારદા પ્રથમ જવાબ આપવા અચકાઈ. શારદા એ શ્રીમંત વણિક કૂળમાં જન્મેલી સંસ્કારી બાળા હતી. તેના પિતા સુખલાલ એક ચુસ્ત વૈષ્ણવ હતા અને પિતાના સંસ્કાર પુત્રીમાં ઉતરેલા હતા. પ્રાતઃકાળમાં દાતણ ને મળત્યાગથી પરવારીને સ્નાન કરી તે પૂજાપરાયણ થતી, અને એકચિત્તે ભગવદ્-આરાધન કરી ગૃહકાર્યમાં વળગતી. સાસરે આવ્યા પછી તેના આવા સત્કાર્યની પ્રથમ અવગણના થઈ; પણ તે સહન કરતાં—ટેકને દૃઢ ચિત્તે વળગી રહેતાં તે પોતાના વર્તનમાં વિજય પામી. શારદા એ શારદાસ્વરૂપજ હતી શ્રીમંત પુત્રી ને શ્રીમંત પત્નિ છતાં તેની સાદાઈ અતુલ હતી! એક શ્વેત વસ્ત્ર, કંઠમાં સોનાના દાણાં સાથે જડેલી તુળસીમાળા, કુળ પ્રમાણે હાથમાં એકેકી સોનાની બંગડી ને પગમાં ચાંદીનાં સાંકળાં એ તેનું બહારનું આભુષણ હતું. ઉપરના આભુષણપર તેને પ્રેમ પણ નહોતો. આંતરિક લાગણી, શુદ્ધ-હૃદય, સત્ય-પ્રેમ અને સ્વધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા એ એના પ્રશંસાપાત્ર સદ્‌ગુણો હતા. જો કે તે મિતભાષિણિ હતી પણ પર-નિંદા ને જાતિ-ધર્મના વિરોધ સમયે સત્ય બતાવવા ચુકતી નહતી. યૌવનકાળ એટલે વીસ-બાવીસ વર્ષની જુવાનીમાં તે હતી, છતાં તેના વિચારો ઠરેલ હતા. બાલ્યકાળમાં પ્રાપ્ત કરેલા સદ્‌બોધો વિચાર સાથે ગુણ-દોષ શોધી વર્તનમાં મૂકતાં તે કદિ ચુકતી નહિ.

નણંદના પ્રશ્નનો ઉત્તર આપવા તે વિચાર કરવા લાગી.

મંજુલા એ પણ એક શ્રીમંત-પુત્રી હતી, પિતાના અનેક સુખવૈભવ ને લાડકોડ તેણે ભોગવેલા હતા. બાલ્યકાળની વિદ્યાને તે

વિસારે મૂકી હતી. ખાધે-પીધે સુખી સાસરીયામાં સ્વતંત્ર વર્તન પ્રથમ તેને દુઃખદ લાગ્યું, પણ યુવાના મસ્ત બહારથી, સૌંદર્યના શસ્ત્રથી અને વાણીના અનેકાનેક દારૂગોળાથી પ્રથમ તેણે પોતાના પતિપર વિજય મેળવ્યો. અત્યારે તેની ઉમ્મર અઢાર-ઓગણીસની હતી! તેને મોહક વસ્ત્ર પસંદ હતા. જુના વિચાર ને મંદીર-મહારાજને તે ધિક્કારતી અને પાશ્ચાત્ય સુધારાને સારાસારનો વિચાર કર્યા વગર અંતઃકરણથી વધાવી જલદી અમલમાં મૂકવા ઈચ્છતી હતી. ભાભીને જોતાં તેની સાદઈ, વૈષ્ણવ સંપ્રદાયની કંઠી ને કપાળે કરેલી પીળા આડથી તેને અત્યંત હસવું આવ્યું અને મશ્કરીરૂપે ઉપરા પ્રશ્ન-માળાનો તેણે આરંભ કરેલો હતો. એટીકેટ-પોઝીશનપર મંજુલાને અનહદ પ્રેમ હતો. લજ્જાને તે તિરસ્કારતી હતી. ભાભી પોતાના પ્રશ્નનો શું જવાબ આપે તે વિચારતી, આમથી તેમ ઓરડામાં આંટા મારતી તે ભાભીની સર્વ વસ્તુઓ જોતા કેટલીક વસ્તુ જોઈને તે મશ્કરીમાં હસતી, કેટલીક વસ્તુથી તે દીલગીર પણ થતી હતી. શાંતિનો ભંગ કરતાં શારદાએ વિનયથી જણાવ્યું, કે બ્હેન મંજુલા ભલે! તમે સુધરેલા સંસારમાં આનંદ માનો; પણ સ્ત્રીઓમાં લજ્જા, વિનય ને પવિત્રતાનો સ્ત્રી સ્વાતંત્ર્યથી નાશ થાય છે. ધર્મપરની શ્રદ્ધા.........એટલામાં બહારથી અવાજ આવ્યો મંજુલાબ્હેન છો કે? કોણ સરલાબ્હેન! આવો! આવો!

આમ કહેતી પોતાની સખીનું સ્વાગત કરવા અરે! ... જાળવવા મંજુલા સરલાને લેવા સામે ગઈ, અને બહાર - સંજ્ઞાથી ચાહ મૂકવા સુચવ્યું. સરલા આવી! તેના શારદા કાંઇ વિચારમાં પડી. તેનો કેશરિયા

અપ-ટુ-ડેટ ફેશનેબલ ચોળી ને, કંઠમાંની સુવર્ણની રાયણમાળા ને કાળી પટીના ચીપટી ને ઝૂલવાળા ચણીયાને પોતાના બારીક કુમાસથી વ્યક્ત કરતો હતો. તેના વાંકડીઆ વાળમાં નાંખેલાં સુવાસિત તેલ ને સેન્ટથી ઓરડો મધમધ થઇ રહ્યો. એટલુંજ નહિ પણ મસીન-પાલીસની બંગડી ને હિરાજડિત એરિંગ ને જડવા તે પોતે પણ અધિક દીપતી હતી.

કેમ મંજુલાબ્હેન! ક્યારના પધાર્યા છો? તમારા અવાજથી મેં તમને અત્રે આવેલા ધારી મળવાની ઇચ્છા કરી છે. કેમ ખુશીમાં તો છોને? એમ સરલાએ મંજુલાને પૂછ્યું.

મંજુલા—થેંક્સ! મી. સરલા. એ માટે તમારો ઉપકાર માનું છું.

આ બન્ને સખીના વેશ-વર્તનથી કંટાળી શારદા ભાગવત ઉંચું મૂકી પોતે દૂર ઉભી રહી. એટલામાં તેની પુત્રી મંગળા જે પાંચ-છ વર્ષના બાલ્યકાળમાં નિર્દોષ ભાવે વિહરતી હતી. તે ત્યાં આવી કહેવા લાગી; બા! બા! રમણિકકાકી કહે છે કે મંદીરનો વખત થયો છે, તો તું આવે છે? શારદાના જવાબ આપવા પહેલાં પોતાની વાતચીતમાં ભંગ થયલો જાણી મંજુલા કીકાને ધમકાવતી કહેવા લાગી જા! જા! તારી રમણિકકાકાને કહે કે તમેજ ભગતડા બનો એટલે બસ છે. બાળ.. બિચારી બીધી. એટલામાં શારદાએ કહ્યું કે બ્હેન હું મંદીરે .. કરી અડધા કલાકમાં પાછી આવીશ. મને રજા છે?

..જ્યું રે! તમારૂં મંદીર!_ રાત-દહાડો એજ જંખના! .. બારે દહાડાનું છે. હું ને સરલાબ્હેન કાંઈ રોજ .. ઓછાં બેસી રહ્યાં છીએ?

.. કલાક રહીને જઇશ, પણ મંદીર કે

મહારાજને ન વગોવશો !

સરલા—વેલ ! મી. મંજુલા ! તમારા ભાભીતો છેકજ ભગત છેને ! એનાં ટીલાં-ટપકાં શું એને સોહાવે છે ?

મંજુલા—હશે ! એમને સૂઝે તે ખરૂં આપણે શું ! એટલામાં નોકરે આવી ચાહના ત્રણ કપ નાનકડા ગોળ ટેબલપર મૂક્યા. મંજુલા—ચાલો ! શારદાભાભી ચાહ પીને મંદીરે સીધારો ? દર્શન થઈ જશે. શારદા સરલાને ઓળખતી હતી. આગાખાનીમાં ગુપ્તી તરીકે ઓળખાતા મી. રસિકચંદ્રની તે પુત્રી હતી એ એની જાણમાં હતું. પોતાના હૃદયના ભાવને એ ગુપ્ત રાખતાં તે બોલી બ્હેન ! મારે ચાહ નથી પીવી.

મંજુલા—ભાભી, ગુસ્સો લાગ્યો ? મારા સમ ન જણાવો તો !

શારદા સત્યપ્રેમી હતી તેથી નીડર ભાવે બોલી કે બ્હેન ? આગાખાનીના ગુપ્તી પંથના માણસ સાથે હું ચાહ પીશ નહિં.

સરલા—વાહ ! આ તે ચોકો કે ચાહ ! શું મારી રૂબરૂમાં મારૂં અપમાન !

શારદા—નહિ બ્હેન સરલા ! મહાજન તમારી બાબતમાં કાલે વિવાદ ચલાવનાર છે, જેથી હાલ તેનો નિકાલ થયા વગર અન્યધર્મી સાથે વ્યવહાર રાખવો યોગ્ય નથી. તેમાં અપમાન શું ? ને એમાં ચોકો કે ચાહ પણ શું ? એમ કહી પ્રત્યુત્તરની રાહ જોયા વગર તે મંદીરે ચાલી ગઈ, ને મંજુલાએ સરલાનું શાંત્વન કરી ચાહ પીવાડી. આવજો ! પધારજો ! કહી વિદાય કીધી.

પ્રકરણ બીજું.

મંદીર.

શારદા મંદીરે ગઇ. આજે મંદીરના ચોગાનમાં અનેક સ્ત્રી-પુરુષોનાં ટોળાં ઉભા રહી અનેકાનેક વિષયોની ચર્ચા ચલાવી રહ્યા હતા. આજેજ બનેલા ચાહના પ્રસંગથી શારદાએ ધાર્યું કે આ પણ કોઇક એવું તો નહીં હોય, એમ વિચારી તે સ્ત્રીઓના ટોળામાં સામેલ થઇ. ચર્ચાનો વિષય ધ્યાનપૂર્વક સાંભળવા લાગી.

જમના—બ્હેન ઇચ્છા! ધર્મ રસાતળ જવા બેઠો છે. હવે વૈષ્ણવોએ જીવવું પણ વાસ્તવિક નથી!! એ સાંભળતાંજ લલિતા કેમ! કેમ! કરતી આગળ આવી.

લલિતા—બ્હેન! પણ થયું શું તે તો કહો!

જમના—શુ તમો જાણતા નથી! પેલા કહેવાતા આગાખાનીઓ આજ આપણા વૈષ્ણવોને વટાળવા માંગે છે વટાળવા! તમે તમારે ઉંઘ્યા કરો!

એટલામાં કુમુદા નામની સ્ત્રી કે જે હજુ પુરતી યુવાનીમાં હતી, તે કહેવા લાગી ઓહો! એમાં બ્હેન વટલી પણ ગયા કેમ! આપણા વૈષ્ણવો ડૉકટરની દવા તો પીતાજ નહિં હશે કેમ?

લલિતા—"કરે તે ભોગવે" આપણે ઓછાંજ જાણીએ છીએ, કે દવામાં શું આવે છે. પણ આ તો દેખીતા પ્રથમ ગુમી નરીકે રહ્યા. પછી ધર્મની પરવા ન કરી અને વગર વિચારે ગાન બન્યા! એટલામાં જડાવ આવી કહેવા લાગી "પેલા ગુમીઓ હવે કાલાવાલા કરી આપણા ઘર-

વાળાઓને સમજાવે છે, પોતાનાં દુઃખનાં રોકણાં રડે છે, પોતાની મોટી મોટી કુંવારિકાઓની લાલચ પણ આપે છે અને હરકોઈ રીતે ફુલાવી પોતાનું કામ કાઢી લેવાનો પ્રયત્ન કરે છે. એટલામાં વિજકોર આગળ આવીને કહેવા લાગી કે અરે! બ્હેન! એ કાંઈ એટલેથીજ પતે એમ નથી, એ તો વળી આપણા મહારાજશ્રીને પણ ભમાવવા યત્ન કરે છે. બલ્કે મેં તો સાંભળ્યું છે કે આપણી પાઠશાળાના ને મુંબાઈની પાઠશાળાના શાસ્ત્રી પાસે ગમે તેમ સમજાવી તેઓ પ્રાયશ્ચિત લેવા પણ પ્રયત્ન કરે છે અને શુદ્ધ થવાનો દાવો પણ કરતા જણાય છે. પણ બ્હેન એ તો વટલ્યા તે વટલ્યાજ! હવે એમને વળી પ્રાયશ્ચીત શાનું?

અરે બ્હેન વીજકોર તને શું કહું? કહી ગંગા બોલવા લાગી મે તો સાંભળ્યુ છે કે ધણી ન્યાતના જુવાનીઆઓને લાલચો આપી, એકાદ બે ઘરડા કે જેઓને કંઈક સ્વાર્થ હશે, તેઓને હાથપર રાખી તે તો કાલે મહાજન મેળવવાના છે!

લલિતા—અરે! બ્હેન! ગજબ!! સાંભળ્યા પ્રમાણે મહારાજશ્રીને પણ તેઓ પોતાની તરફેણમાં લેવા ઇચ્છે છે!

રૂક્મણી—સાંભળો! સાંભળો! કાલ રાતે મારા ઘરની પડોસમાં એ કહેવાતા આગાખાનીઓ અને તેના સહાયકો વિચાર ચલાવતા હતા, કે કાલે મહાજન મેળવવું. મહાજનમાં આપણુંજ ધાર્યું કરવું ને કદાચ બાજી સર ન થાય, તો છેવટમાં મહાજનના કડકા પણ કરવા. અરે બ્હેન! જો શેઠ પટેલ ન માને તો તેમને પોંકવાનો પણ તેઓએ વિચાર કરેલો છે.

લલિતા—વિચારા "ધર્મને પેર ધાડ" એ પ્રમાણે બારે તો થાય!

ગંગા—પણ જો આ વાતની મહાજનના શેઠને પ્રથમથી ખબર પડે, તો સારું કે તેઓ પુરતો બંદોબસ્ત રાખે.

અંબા—તેઓને શ્રીનાથજીઆવા સહાય થાઓ, એટલુંજ આપણે માંગીએ છીએ.

કુમુદ—પણ એમ અધીરા થઇ ગભરાવામાં લાભ શો બ્હેનો! જોઇએ તો ખરા કાલે એઓ શું કરે છે! તેના આ શબ્દો દ્રઢતાપૂર્વકના હતા.

શારદા—(મનમાં) પ્રભુ! હે! જમના મા! જમાનો બગડયો છે, પણ હજુ તમારી કૃપા છે કે સ્ત્રી સમાજમાં હજુ સડો પેઠો નથી, ઘણી સ્ત્રીઓ ધર્મચુસ્ત છે, પણ અરે! પુરુષોની સત્તા આગળ તેઓ બિચારી શું કરી શકે? મહાપ્રભુજીની મરજી પ્રમાણે થશે! કાલે મહાજનમાં જોઇએ શું થાય છે.

પ્રકરણ ત્રીજું.

મહાજન.

આજે સવારથીજ ચોરે ને ચૌટે, શેરી ને મહોલ્લે, ચકલે ને મંદીરે જ્યાં જુઓ ત્યાં કહેવાતા આગાખાનીઓના સંબંધનીજ વાતો ચર્ચાતી હતી. જુદા જુદા માણસો જુદા જુદા વિચારો ચલાવતા હતા. કેટલાક ટોળ ખાતર તો કેટલાક આનંદને માટે, કેટલાક નવરાશના સમયનો ઉપયોગ કરવાના હેતુથી તો કેટલાક ગુસ્સાથી, કેટલાક ધર્મભ્રષ્ટ થવાથી તો કેટલાક પાપીના સ્પર્શે પણ પાપ લાગવાની દહેશતથી અનેક પ્રકારના વિચારો ચલાવતા હતા. ક્યારે સાંજ પડે કે આ વાતનો નિકાલ આવે એમ સર્વ કોઈ ઇચ્છતું હતું.

હવે બીજી બાજુનો કહેવાતા આગાખાનીઓ અને તેના સહાયકો તનતોડ પ્રયત્ન કરી સવારથીજ પોતાનો પક્ષ વધારવામાં અને બંનેલાં પક્ષને સબળ કરવાના પ્રયાસમાં મંડેલા હતા. કોઇને ખાનગી, તો કોઇને સુધારાનો પવન લગાડી, કોઇને કમાણિમાં વૃદ્ધિ થવાની લાલચથી તો કોઇને માન મરતબાની આશા આપી, કોઇને લાગવગથી તો કોઇને બીજા પાસે દબાણ કરાવી, કોઇને મહારાજશ્રીના ભરોસાનો વિશ્વાસ આપી તો કોઇને પોતાના જુથના બળથી, કોઇને સંજોગોને અનુસરી વર્તવાની સલાહ આપી તો કોઇને પ્રાયશ્ચિત્તથી પાવન થવાના પૂરાવા રજુ કરી આંજી નાંખીને તેઓ પોતાના પક્ષને વધારે ને વધારે બળવાન બનાવવાની આશામાં ઉત્સાહપૂર્વક શ્રમ લેતા હતા.

રાતના આઠ વાગ્યા. વિઠ્ઠલવાડીના દરવાજા ખૂલ્યા. કેટલાક માણસો પાંચ પચાસના ટોળાંથી તો. કેટલાક એકલદોકલ આવવા લાગ્યા. થોડા સમય પછી શેઠ-પટેલ આવી રહ્યા. પંચના પ્રતિષ્ઠિત પુરુષો તો ગણ્યા ગાંઠયા હોવા છતાં પણ મહાજન ગણાયું ધારી કાર્ય શરૂ થયું. સર્વ આતુરતાથી શું થશે તેની રાહ જોતા હતા. ઇશ્વર-પ્રેરણાથી કે શ્રીનાથજીની કૃપાથી બંદોબસ્તની સર્વ ગોઠવણો થઈ ચૂકી હતી. એટલામાં કોઈ બોલ્યું કે હવે નકામો વખત ગુમાવવાની જરૂર શી છે? આ સંજ્ઞા મળતાંજ

મી. મદનલાલ—આજે ત્રણ-ત્રણ વર્ષ થયાં મહાજનપર અરજી મોકલ્યા છતાં અંતઃકરણથી દીલગીર નેં અન્ય ધર્મમાં જતા અટકેલા, આગાખાનીથી તટસ્થ રહેલાને મહાજને પાવન કરવાનો વિચાર કરવેં જોઇએ.

આ સાંભળી ઠરેલ સ્વભાવથી મી. વૈકુંઠલાલ બોલ્યા, બરાબર છે.

કોઈપણ ગુન્હાની સજા હોય અને સજા ભોગવ્યા પછી ગુન્હેગાર નિર્દોષ ગણાય છે; તેમ આ પણ શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિતથી પાવન થાય તો પછી હરકત શી ! એટલામાં તો બે-ત્રણ જણા બોલ્યા પ્રાયશ્ચિત શાનું ? એ વળી કોણ ડાહ્યો બોલ્યો ? એમ કહી શોર-બકોર કરી મૂક્યો. એટલામાં પેલાના પૈસા ને સાહેબીમાં મસ્ત બનેલા

મોગમલાલ—આજે બધા પ્રાયશ્ચિત આપવા ઉભા થયલા છો પેલા પરદેશગમન કરી આવેલાને શું મહાજને પાવન નથી કર્યા ? શું ગજબ ! શું ગજબ ! આ તે ન્યાય ? આ સિંહગર્જનાથી સર્વ સડકજ થઈ ગયા, એટલામાં આંખો લાલ કરી

સુખણદાસ—પણ હવે મહાજનને કરવું છે શું ?

આ સર્વ રંગ જોતાં સુલેહનો ભંગ કે અપમાન થશે, એમ ધારી શેઠે મહાજન બરખાસ્ત કર્યું. પણ માને કોણ ? તેઓ ઉઠીને ગયા, પણ વચને બંધાયલું લોક વીખેરાયું નહોતું. જાણે પ્રતિવાદીનાજ લાભમાં જજમેન્ટ આપવા આવેલા હોયની તેમ કોલકરારથી સ્વાર્થ માટે કબુલાયલા તેઓ શા સારૂં ખશે ? તેઓને તો પોતાનું ધાર્યું કરવું હતું, તો ભલે ! શેઠ મહાજન બરખાસ્ત કરે, તેમાં એમને શું ? સત્યનો સંહાર થયો અને નવેશર એક તરફી હુકમનામું કરવાને નામના નવા શેઠ ચુંટાયા તેઓએ પ્રાયશ્ચિતનું ડીંગલું ઉભું કર્યું બન્ને શાસ્ત્રી નહિ કે ગુજરાતી ! તેઓએ સંજોગો જોયા વગર તે કબુલ્યું. જો તેઓને ખબર હોત કે સુરતના શાસ્ત્રીને "તમે તો ગોર," "તમે તો પુરાણી વગેરે કહી તમે શાસ્ત્રાર્થમાં શું સમજો ? કહી અપમાન કરેલું રે ! તેઓ બિચારા પરદેશી શાસ્ત્રીઓ શું જાણે ! કદાચ જાણે તો પણ એમને શું લાગે વળગે ? સુરતના શાસ્ત્રીઓ કદી એક તરફી હુકમનામું ન કરે,

તેથીજ તેઓ અપમાન પામ્યા. પણ વાહ! કહેવાતા આગાખાનીઓને તેમના સહાયકો? તમને સુરતનું આવુંજ અભિમાન? સ્વાર્થ સારૂ આખા સુરતના બ્રાહ્મણોને વગોવ્યા? વાહ પંડિતરાજ? આપ માનો છો કે સુરતના સર્વ બ્રાહ્મણ મૂર્ખ હોઈ શકે? અસ્તુ! ગમે તેમ હોય પણ છેવટમાં તેઓએ ઠરાવ કર્યો, કે એ બેજ શાસ્ત્રી પાસે પ્રાયશ્ચિત લેવડાવવું. નવા શેઠ ને નવા સેક્રેટરી પછી પુછવુંજ શું? જેમ ચાલ્યું તેમ ચલને દો! કદાચ કોઈ ત્યાં બોલવા જાય, તો પોંકાયા વગર રહે તેમ પણ નહોતું એટલે મહાજનને નામે તેઓએ પોતાના લાભના ઠરાવો કર્યા, વાહ! ઈન્સાફ! બે પક્ષ બંધાયા! જબુરા એ વિધ્નસંતોષીઓ! આખરે ગોતાનો ભાવ ભજવ્યો. કહેવાતા આગાખાનીને લેવાનો સત્કાર કરવાનો ઠરાવ થયો. હાલ તો બે પક્ષ બંધાયા નવા મહાજનની ઇચ્છા હમણા પાર પડી ને ખેલ ખલાસ થયો.

પ્રકરણ ચોથું.

સભા ને સુધારક.

આજે સાંજે પાંચ વાગે શહેરના જાણીતા ને માનીતા શ. [illegible] નગીનચંદે બંધાવેલા સાવર્જનિ[illegible] [illegible] શ્યામચરણ ગુમાનું "પ્રાયશ્ચિત વિ[illegible] [illegible] સર્વ શહેરના અગ્રગણ્ય ગણાતા શેઠ શાહુકાર, ધર્મચુસ્તને સુધારક, નોકરને વ્યાપારી એકત્ર થતા હતા. પાસે આવેલા ચોગાનમાં ઉભી રહેલી ગાડાની હારની હાર પરથી ને લોકોની મે[illegible] [illegible] પ્રત્યે સર્વને પ્રેમ હોવાનું સર્વથા સુચન થતુ હતુ. [illegible]

મતાંતરના અનેક માણસોની હાજરીથી આ વકતા કોઈ અમુક પક્ષનો કે અમુકનો વિરોધી ન હોતાં સત્ય વકતા હશે, એમ નિઃશંસય અનુમાન થતું. વકતા પરના અનહદ પ્રેમથી તેની વાણિની સુધાથી. કે શ્રીમંત હોવા છતાં સાદા, અનાશ્રિતો પ્રત્યે જેની આંતર લાગણિ દર્શાવી પોષણ ખર્ચ આપનારા, જેઓના નામથી કેટલીક સ્કૉલરશિપોથી વિદ્યા-તેજન આપનાર, કેટલાક દવાખાનાને ધર્માદાખાતાના નેતા સુપ્રસિદ્ધ શેહેરી ગૃહસ્થ મી......ના પ્રમુખપણાથી આટલો લોકોત્સાહ હશે એ કલ્પવું મુશકેલ હતું! ખરેખર! જુગ્તે જોડીજ નીમાઈ હતી અને તેથીજ પ્રજાને અત્યંત આનંદ હશે, એ કલ્પનાજ વાસ્તવિક ગણાય!

પ્રમુખશ્રી સાથે સુપ્રસિદ્ધ વકતા પંડિત શ્યામચરણ પધાર્યાં પાછળ...લોકોની મેદની તો થઇ! સર્વ આતુર હૃદયે તેમના આગમનનીજ રાહ જોતા હોવાથી આંતરિક ખુશાલીના પ્રતિબિંબ [illegible] વડે તેઓનું સ્વાગત થયું. નક્કી કરેલા [illegible] બિરાજ્યા પછી પ્રમુખશ્રીએ વક્તાનો પરિચય [illegible] કે, તેઓ સુપ્રસિદ્ધ અને હિંદી ભાષામાં [illegible] ને કલાકનું ટુંકું વ્યાખ્યાન કરે તે માટે વિનંતિ કરી લો[illegible] ને શાંતચિ-તે સાંભળવા જણાવ્યું. હાલના આવા કટાકટીના મામલામાં અરે! ધર્મની તાણાતાણના મુશ્કેલ પ્રસંગમાં આ તટસ્થ [illegible] "પ્રાયશ્ચિત" જેવા વિષય પર કઈ બાબતમાં અજવાળું પાડશે અને કયા પક્ષના લાભમાં એમનો ન્યાય જશે વગેરે ઉત્કંઠાથી [illegible] હતા અને તેમાં પાછા પ્રમુખ સાહેબની સુચનાથી સર્વ શાંતિ પ્રસરી. શાંતિનો ભંગ કરતાં પંડિતશ્રી ઉભા

થયા, કે તાળીઓના હર્ષનાદ વચ્ચે લોકોએ તેમને તરતજ વધાવ્યા તેમણે ઉભા થઇ હિંદીમાં પ્રથમ ઇશ્વરસ્તુતિ કરી વિષય આરંભ્યો.

મેં મુંબાઇમેં સુનાતા કે હમેરે કહેલાતે આગાખાની બંધુકા પ્રાયશ્ચિત દેનેકા વિષયમેં સુરતકી અનીક કોમમેં બડા ટંટા મચ રહા હે. વો બાતકા કુચ સુચન કરનેકી મેને અભિરૂચી હુઈ. ઓર મેં મનકી સાથ નિશ્ચય કરા, કે દો-ચાર રોજમે જરૂર સુરતજાના. પ્રભુને હમેરી વો ઇચ્છા પૂર્ણ કીયી: આપ સબ બંધુને મેરા વો કાર્યમેં મદદ કીયી હે જીસ બાસ્તેમેં આપકા ઉપકારી હું.

સાંપ્રતકાળમેં મનુમહારાજને મનુસ્મૃતિકે બીચમે કહા હે, કે મનુષ્યોકી જો ! જો ઇચ્છાસે કુચ કાર્ય કીયા જાય, ઓર આપેઆપ પ્રકૃતિસે કીયા જાય, વો સબ કાર્યોકા વો કરનેવાલા મનુષ્યહિ ભોક્તા હોતા હે ! કુચ સત્કાર્ય કરે જબ ઉનતે. સતકાર્યકા સુપુષ્પ રુપ ફળ મિલતા હે; ઓર દુષ્કાર્યસે દુષ્કૃત ફળ પાતા વો સમજ લેના. આપ સબને શાંતિસે સૂનના ચાહીએ, કે જો મનુષ્ય આપકા ધર્મકા કુચબી રહસ્યસે અજ્ઞાત હો કર, પરધર્મીકા બહાર કે આડંબરસે મોહિત હો કર, વા કુચબી સ્વાર્થવૃત્તિઓ કે લિયે સ્વધર્મકા ધ્વંસ કરતા હે વો બડે પતિત કહા જાતેહે. વો લોક સબસંસારમેં નિંદાપાત્ર હોતા હે, ઇતના નહિ કિન્તુ દેશકાળ જ્ઞાતિ ઓર સ્વકુટુંબકા વિરૂદ્ધ વર્તન કે લીયે આપ ઓર આપકા નિર્દોષ આશ્રિતગણ સબ બહોત દુઃખ પાતે હે ! ઓર પર લોકમેંભી બહોત દુઃખ પાતા હે ઉસ કારણ કે લીયે પ્રથમસે ભગવાન ક્રિષ્ણજીને સ્વમુખસે ભગવદ્ગીતામે કહા હે. સુનના ચાહીએ **સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ** વો હમેરા હિંદુસે

આગાખાની બના હુવા, વા ગુપ્તપંથીકા નામસે ભ્રષ્ટ હો ચૂકા હમેરા બંધુઓને પ્રથમસે બિચારના વાજબ થા.

દુસરા જો અપરાધી મનુષ્યો હે, ઉસકા અપરાધ સાબીત હો ચૂકા હે, વો મનુષ્યોને સબ ગ્નાતિબંધુકી, ઓર સમગ્ર હીંદુ જાતિકી આર્જવ ભાવસે ક્ષમા યાચના ચાહીએ, જો "આર્જવસે મિલતા હે, વો કુચ બળજોરીસે નહીં મીલના" એસે બડે મહાપુરુષોકા કથન હરવખ્ત સ્મરણમેં રાખના ! અપરાધી મનુષ્યોકી દાદ ઉદાર દીલગૃહસ્થોને સુનના ચાહીએ, ઓબી હમ કહતે હે; કિન્તુ અપરાધીકા પક્ષ લેનેકે લીયે દુસરા એસાહિ બખેડા હિંદુ સંસારમેં સબ સ્થાનોમેં હરવખ્ત હોયગા ! વો સચ્ચ માનના !

જો પાપ મનુષ્યો કે આંતરિક ઇચ્છાસે કરા હુવા હે, ઉસકાં શાંત ચિતસે પશ્ચાતાપ કરના ઓર ફીરસે એસા પાપ ન હોવે એસે નિશ્ચય મનકી સાથ કરનેકે લીયે અંતઃકરણમેં બહોત દીલગીરી હરવખ્ત આપોઆપસે ચલ આવે જબ માન લેના કે વો સચ્ચા પાયશ્ચિત હે। કહા હે કે—

प्रायो नाम तपः प्रोक्तं, चित्तं निश्चय उच्यते ॥
तपोनिश्चयसंयोगात्, प्रायश्चित्तमितीर्यते ॥

પણ બહારકા આડંબરકે લીયે. રદીને સત્ય—શાસ્ત્રાર્થ કરકે પશ્ચાત જો અપરાધ કરાહે ઉસકા દંડ—પ્રાયશ્ચિત લેના, ઓર અશુદ્ધ હુવા શરીરકું પવિત્ર કરનેકા વાજબ ધારા ઓર પ્રાયશ્ચિત લેના ચાહીએ એસા મેં માનતા હું.

હમેરા કિટનાઈ બંધુ કહેતા હે કે હિંદુ કોમમેં સંખ્યા ઘટને કે લિયે મહાજનને હમસે બિનતિ કરનેકી જરૂર હોતી હે. જો મહાજન

એસા ન કરે, જબ ઉસકા સંગ કરને કે લીયે હમને ઉસકા પક્ષ લીયાથા! અચ્છા? ઓ બાત સચ્ચ હે! કિન્તુ એસા મત સમજના કે જ્યાદિ સંખ્યાસે અચ્છા હોતા. હા! હા! વર્ણાશ્રમ વ્યવસ્થાકા ભંગ કરનેકા જો ગૃહસ્થ ઇરાદા રખંતે હે, ઉનકી ઇચ્છા એસી હોયગી, મગર એસા વર્તનસે ધર્મકા બંધન શિથિલ હો જાયગા! ધર્મ રસાતાળ જાયગા! ઓર હિંદુમેં હિંદુકી ભાવનાભી નષ્ટ હો જાયગી! મેને આપ લોકોકા વખ્તકી કિમ્મત હે, ઉસ લીયે અંતમે ઇતનાહિ કહેતા હું કે આપસ આપસ મેં ફુટ મત રખના. જો ગૃહસ્થોને કોઇભી શુભે-ચ્છા કે લીયે ઉનકા પક્ષ લીયા હે સો છોડ દેના ઓર મહાજન મંડળકા ઉદાર દિલ ગૃહસ્થોને વો આપકાહિ બંધુ હે, એસા સમજ કે શાસ્ત્રીઓકી સમક્ષ પ્રાયશ્ચિતસેં પાવન કરનેકી ઓર ગુન્હાકા દંડ લીયા પશ્ચાત દ્વેષ બુદ્ધિસે દૂર કરનેકી મેં ભલામણ કરતા હું! ઓર મેરા વિષય સમાપ્ત કરતા હું ઓર ઇશ્વરકી પાસ મેં નમ્ર ભાવસે યાચના કરતા હું! કે ફિરસે કોઇભી જન એસા માર્ગ મત ગ્રહણ કરે. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સર્વ કોઇ મુકત કંઠે વકતાના વખાણ કરવા ચૂકયા ન હોતા પ્રાયશ્ચિત આપી પાવન થવાની ભલામણ પરથી તેમજ મહાજનને ફરીથી કરવાની વિજ્ઞપ્તિથી બન્ને પક્ષના મન રાજી થયા હતા. છેવટમાં પ્રમુખ સાહેબને જણાવ્યું હતું, કે નિષ્પક્ષપાતથી કોઇની પણ લાગ-ણી દુઃખવ્યા વગર સત્યનો પ્રકાશ નાખવા અને હાલની મુશ્કેલી મટાડવા જે માર્ગ પંડિતશ્રીએ બતાવ્યો; તેજ ઉત્તમ છે, એમ મારી માન્યતા છે અને સર્વની ઇચ્છા હશે એમ હું ધારૂં છું! (તાળીઓ) છેવટ પ્રમુખશ્રીનો, વકતાનો અને પધારેલા સદ્‌ગૃહસ્થોનો પરસ્પર ઉપકાર માનવા લાગ્યા.

સ્ત્રીવર્ગમાં શારદા, મંજુલા, રમણિક અને જુદા જુદા સ્વભાવની અનેક સ્ત્રીવર્ગની સારી સંખ્યામાં હાજરી હતી, તેઓ પણ આ ઠરાવ સાંભળી આનંદ દર્શાવવા લાગ્યા અને મહાજનને મહારાજશ્રીની કૃપાની યાચના કરી, તેઓ ન્યાતમાં આવે એમ ઈચ્છવા લાગ્યા સભા બરખાસ્ત થઇ અને લોકો પ્રમુખ ને વક્તાને ધન્યવાદ આપતા વિદાય થયા. આ સર્વમાં ફક્ત એક મનુષ્યજ જરા દીલગીર જણાયો કારણ કે આવા નિષ્પક્ષપાતી મહાત્મા પણ ધર્મનાં રોદણાં રડે છે! નથી ઉચ્ચ વિચાર! કે નથી ઉચ્ચ દૃષ્ટી! જ્યાં જુઓ ત્યાં ન્યાત ને મહાજનના વરઘોડા તો અંતમાં ખરાને ખરાજ! એ શા માટેજોઇએ? લોકો પણ વીચારતા નથી તો? હશે, તેમના નસીબમાં દુઃખ ભોગવવા સર્જાયલું હશે ત્યારેને? આ ઉદ્‌ગાર કાઢનાર બીજો કોઈ નહિં પણ શારદાસ્વરૂપ શારદાના પતિરાજ

મદનલાલજ!

પ્રકરણ પાંચમું.

પતિ–પત્નિ.

કેમ આજ આપની પ્રકૃતિ સારી નથી કે શું! બારણામાં પેસતાંજ શારદાએ પોતાના પતિ મદનલાલને પૂછ્યું.

મદનલાલ–પધારો વ્હાલી! પ્રકૃતિ તો સ્વસ્થજ છે, પણ ચિત્ત ચગડોળે ચઢેલું છે.

શારદા—કૃપા હોય તો દાસીને દુઃખમાં ભાગીદાર બનાવશો.

મદનલાલ–વ્હાલી! તારાથી શું છૂપું રાખવું! પણ તારી તુળશીમાળા ને મદિર મને તો પસંદ નથી.

શારદા—વ્હાલા ? એ તો ધર્મની સ્મૃતિ કરાવનાર અરે ! પ્રભુના સહાયક ચિંન્હો છે.

મદનલાલ-વારૂ શારદા એ તો ઠીક છે, પણ હાલના મામલામાં મને કાંઈ સાર માલમ પડતો નથી.

શારદા—જ્યાં પક્ષ બંધાય ત્યાં સાર શો હોય? પણ આપ મહાજનમાં શું કરી આવ્યા તે જણાવશો ?

મદનલાલ-કેમ ઈજિ મહાજન ! શેઠો અને પટેલો મોટા મોટા પાઘડાજ મૂકે છે, બીજું શું ! એ તે ન્યાય આપવામાં શું સમજે ? ટીલાં ખેંચી જાણે બીજું શું ?

શારદા—નહિ વ્હાલા એકા એક કોઈનાપર દોષ મૂકવો એ ખોટું છે. કહો તો ખરા કે શું થયું ?

મદનલાલ—બળવા દે એ વાત ! નકામું મારૂં લોહી ઉકળી આવશે.

શારદા—વ્હાલા ! ધાર્મિક વિષયમાં શાંતપણે વાદી-પ્રતિવાદીની પરિસ્થિતિ તપાસવી જરૂરની છે, નહિ તો અન્યાય થવા સંભવ છે.

મદનલાલ—આજે ત્રણ ત્રણ્ પરસ થયાં મહાજનને અનેક વિજ્ઞપ્તિઓ કરવા છતાં મહાજન જર નિર્દોષ કહેવાના આગાખાનીઓની દાદ પણ સાંભળતું નથી. એજ ન્યાય કે ?

શારદા—વારૂ તે નિર્દોષ શાથી ! શું તેઓએ પેલા ગુપ્તીઓની સાથે ભોજન નથી લીધું ? વળી આપણા ધર્મનો તેમણે તિરસ્કાર નથી કર્યો ?

મદનલાલ—ત્યારે સ્ટીમરમાં બેસનાર માણુસ એકબીજા સાથે જાતિભેદ રાખ્યા વગર એક ટેબલપર ભોજન નથી લેતાં ? વળી હુંજ

ડૉકટરની દવા નથી પીતો? એમાં શી શી દવા આવે છે કેટલો ધર્મ સચવાય છે એનો તમને ખ્યાલ છે કે ધર્મ ધર્મ કૂટયા કરશો?

શારદા—સ્ટીમરના ઉતારૂઓ કદાચ સાથે ભોજન લેતા હોય, તો તે પણ તિરસ્કારને પાત્ર છે. પણ આ તો છેક અધર્મ છે વ્હાલા! તેઓ તો અમુક સંજોગોમાંજ આવી મુશ્કેલી વેઠી શકે છે, વળી તે ગુપ્ત રીતે, ને અંતઃકરણની તિરસ્કારભાવનાથીજ, એવા મલિન પદાર્થ લેતાં હશે. પણ હું તે માની શકતી નથી!

મદનલાલ—શું મારા કહેવાપર પણ વિશ્વાસ નથી કે? દરેક જણ સ્ટીમરમાં દારૂ-માંસ વાપરે છે.

શારદા—(નીડર ભાવથી બોલી) નહિ વ્હાલા! એક મહારાજા યુરોપની મુસાફરીના સંબંધમાં જણાવે છે, કે જે માણસ અહિંઆ નાસ્તિક ને ગુપ્ત રીતે મલીન પદાર્થ વાપરે છે તેજ ત્યાં એનો ઉપયોગ કરે છે. બાકી મનુષ્ય દ્રઢતા પૂર્વક ધારે તો પોતાનો ધર્મ સાચવી સહેલથી મુસાફરી કરી શકે છે. તેથી શીત કે ઉલટી થાય તેના દેશી ઉપચારોથી પણ ચાલી શકે એમ છે, હું પણ આ વિચાર સાથે સંમત થાઉં છું. વારૂ આ લોકોએ તો પોતે વિચાર કરીનેજ પ્રથમ એ ધર્મ સ્વીકાર્યો હતોને!

મદનલાલ—હા! ધર્મ એ માણસની મુન્સફીનો સવાલ છે. પહેલાં તેઓએ તે સ્વિકાર્યો હતો, હાલ તેઓ સાથે જોડાવાની એમની ઇચ્છા નથી તેથી શું?

શારદા—શું ધર્મ મનુષ્યની મુન્સફીપર છે? ધર્મ એ કાંઈ લાંગ્નું છે કે બદલાય? તેઓએ આપણા ધર્મના કાંઇ દોષ તો ત્યારે શોધ્યા હશેને?

મદનલાલ—હા, તેઓને આના કરતાં તેમાં કાંઇ વિશેષ માલમ પડયું હશે.

શારદા—માણુસનું હ્રદય દોષીત હોય તો તેને ગુણ પણ દોષરૂપેજ જણાય છે, એટલીજ આપણી શ્રદ્ધા ઓછી છે.

મદનલાલ—બસ. બંધ કર ભગતડી તારૂં ડાહેલું.

શારદા—ઠીક. હું બંધ તો થઇશ; પણ યાદ રાખજો કે ન્યાય મેળવતાં શાંતિની પણ અગત્ય છે.

મદનલાલ—શું શાંતિ! તમે ભગતોજ લોકોના ગળા રેંસી હિંદુ સંસારની દુર્દશા કરવા બેઠા છો. નહિ તો વળી તે બિચારાઓને આટલી બધી મુશ્કેલીઓ પડે?

શારદા—સાંભળો ત્યારે તેઓએ પુખ્ત વિચાર કરીનેજ ધર્મ બદલ્યો હશેને!

મદનલાલ—તેઓ એ શું પણ તેઓના બાપદાદાએ બદલલા છે.

શારદા—લો! ત્યારે એ તો એથી પણ અધીક! કે બાપદાદાએ વિચાર કરીને માનેલો ધર્મ હવે વૃદ્ધકાળમાં બદલવાનો પાછો કાંઇ હેતુ કે સ્વાર્થ તો હોવો જોઇએ?

મદનલાલ—સ્વાર્થ નહિ પણ પરમાર્થ! પોતાની મોટી મોટી કુંવારીકાઓને ન્યાતમાં આપી અને પોતાના મોટા મોટા છોકરાઓ માટે કન્યા લઇ હિંદુની સખ્યામાં વૃદ્ધિ કરવા.-સમજી શાણી!

શારદા—હું તો બધુંજ સમજી છું કે ગરજે સર્વ કમુલાય, પણ "ગરજ સરી કે વૈદ વેરી" તે યાદ રાખવું જોઇએ; વળી યાદ રાખવું કે એવા ડગમગતા કહેવાયલા આગાખાનીઓ હિંદુઓમાંથી પણ પાછા કેમ ન ડગે! અથવા બીજા લવકોને પણ ઉંધું ચત્તું સમજાવી તેઓ

બીજાઓને પણ કેમ ન ફોડે ?

મદનલાલ—ગાંડીરે ગાંડી ! તેઓ તો મનમાં પસ્તાય છે અને લોકોના હાંસી પાત્ર થયા તેથી રાત દહાડો બળે છે, વળી એટીકેટ ન જાળવતાં ઘેરે ઘેર અથડાય છે.

શારદા—અથડાયજ તો. પોતાની ગરજે. ધર્મ બદલતી વખતે તેઓને એ વિચાર નહોતો આવ્યો કે આપણા રત્નોને ક્યાં ઠામ પાડીશું ?

મદનલાલ—ગમે તેમ હોય, પણ આખરે લાભ તો મહાજનનેજ છે કે મોટી કન્યાઓ આપણામાં આવી. નવા ઘર ઉભા થાય છતાં પણ ગોવકુટેને વિચાર ક્યાં છે ?

શારદા—સાંભળો. આપને પણ કાંઈ આજ એ કહેવાતા આગાખાનીની ભલામણ આવી ગઇ છે કે શુ ? કદાચ જેના હૃદયપર ઇસ્લામના સંસ્કારો ગર્ભમાંથીજ પડેલા હોય તે વણિક કુળમાં આવીને અનેક વિગ્રહ ઉત્પન્ન ન કરે ? બળતું બીજાને બાળે અને આખા ધર્મને ધોકો પહોંચાડે, એથી તો દુરજ સારાં !

મદનલાલ—દુર શું ? આગાખાની ધર્મ તેમના બાપદાદા ને વડ-વાઓ ગુપ રીતે આજ દોઢસો વર્ષથી પાળતા અને તેની કેટલીક કન્યાઓની [illegible] તેનો વસ્તાર પણ પાકા સુરત વૈષ્ણવોના પુત્ર પુત્રી સાથે વિવાહગ્રંથીથી જોડાઇ ગએલો છે. તો બોલ ? તેઓની આખી ન્યાતને શું પ્રાયશ્ચિત આપવું ? ઝાઝી સફાઈ કરવાથી "ડાકી ગોરને કાદવ કાઢવા જેવું થશે" માટે હવે તો મહાજન માનમાંજ રહે તો સારૂં.

શારદા—બરાબર છે વ્હાલા. એ કહેવાતા આગાખાનીઓને ગુપ્ત ધર્મમાં તેઓના ન્યાતિજ રાખતા, માટે આ બખેડામાં મહાજને ન

પડતાં તેઓની આખી ન્યાતનેજ મહાજન બહાર મૂકી હોત તો આપો આપજ નિકાલ કરતે.

મદનલાલ—પણ શું મહાજન તેઓના સંસર્ગમાં નથી આવ્યું ? તો તેને શું પ્રાયશ્ચિત આપવું ? શું તારા ન્યાય પ્રમાણે તો તેને પણ શહેર બહાર મૂકવા.

શારદા—નહિ વ્હાલા ! મારૂ કહેવુ એ છે કે તેઓને જેમ બને તેમ સુધારવા. ને ફરી પાછા આ ધર્મ તજી પરધર્મમાં ન જાય, તે માટે તેમને નશીયત આપવા આખી ન્યાતના મહાજન બહિષ્કાર કરે તો તેઓને ન્યાતનો ડર રહે અને ન્યાત તેને યોગ્ય પ્રાયશ્ચિત આપી ન્યાતમાં લે એટલે મહાજનમા બખેડો ન આવે.

મદનલાલ—તમારા ભગતડાઓના હૃદય પાષાણ હોય છે, તેઓ બિચારાને ન્યાત રેંસે તેમ રેંસાવા દેવાં અને મહાજને દાદ પણ ન સાંભળવી ! પણ બધાના ગ્રહ ગામ નથી ગયા. સમજી !

શારદા—ત્યારે આપ જેવા દયાળુઓએ મહાજનમાં કર્યું શું ?

મદનલાલ—(પોતાના વિજયથી હરખ પામતો બોલ્યો) શું એ ચાર જણ વિરોધીઓની ઝુંબ બંધ કરી તેઓને મહાજન સાથે જોડવાનો વિચાર કર્યો. શેઠ ને પટેલો એ ન માન્યું તો તેમને ઉંચા મૂકયા. નવા શેઠ કર્યા ને બળજોરીથી તેઓને મહાજનમાં લેવાનો ઠરાવ થયો. સામ સામી સહીઓ થઈ અને પ્રત્યેક વણિક ન્યાતમાંથી અમારા વિચારને ઉત્તેજન મળ્યું. "માન્યુ ત્યા સુધી મ્હોટાં !"

શારદા—ઠીક. કહેવાતા આગાખાનીની હોળીથી ઘેરેઘેર ભડકા ઘાલ્યા. તમારા જેવાજ બધા તમારા મિત્રો હશે ! પણ એ બાપડાઓને વિચાર ન સૂજ્યો કે "માંડવો બાંધવા સૌ આવે પણ

છોડવા તો લાગણીવાળાજ આવે." પહેલી ગરજ ન્યાતની પછી મહાજનની!

મદનલાલ—હવે જાણ્યું ડાહેલું. તારા જેવા ઈન્સાફદાર બધા હોય તો તે બિચારાના બાર વાગે! બાર!

શારદા—એમના કર્મે. તમારા પુરુષો પણ આવા હશે કે પારકી હોળી ઘરમાં ઘાલે. મુખ્ય વણિક જ્ઞાતિઓ, તેમના ભાગ, ભાગના વિભાગ, અને વિભાગમાં પણ પક્ષાપક્ષી કરી પરધર્મીઓને ખુશ કરે. એ બધું ડહાપણ જણાયું!

મદનલાલ—બસ! ચુપ કર! રાંડી રાંડ ઈન્સાફમાં શું સમજે? એટલામાં પડોશના ઘરમાંથી ચંદ્રપ્રસાદ બોલી ઉઠયા. મી. મદનલાલ! સર્ફ જાઓ. એ તો અમારા આર્યસમાજીઓ ને બ્રહ્મોસમાજી બંધુઓની વર્ણ ભંગની ઈચ્છા આપો આપ અમલમાં આનશે. શારદાએ ધીમેથી-સાંભળ્યું! બિચારી શરમાઈ, દીવા હોલવી તર્કવિતર્કો કરતી નિંદ્રાવશ થઈ.

પ્રકરણ ૭ મું.

નણંદ ભોજાઈ.

કેમ શારદાભાભી? કાલ રાતે તો ઈન્સાફની કોર્ટ આપણા ઘરમાંજ આવી હતી કે શું? એમ બોલી મંજુલા ભાઈના ઓરડામાં દાખલ થઈ.

શારદા—ના! ના! બ્હેન કોર્ટ તો નહિ, પણ ફક્ત ન્યાયને ખાતર મારા વિચારજ મારા વ્હાલાને જણાવતી હતી.

મંજુલા—ઠીક! ઠીક! એ તો બાઈ ભલા છે કે બિચારા બધું સાંખે; નહિ તો કહો ભાભી તમારા મહાજનનું શું રહ્યું! મુગા મુંગા માની લઈ તેઓને પ્રાયશ્ચિત આપી પાવન કર્યા હોત, તોજ મહાજનનું માન સચવાત.

શારદા—બ્હેન? ખરૂં પૂછાવો તો એમાં મહાજનને વચ્ચે પડવાની જરૂરજ નહોતી.

મંજુલા—હાય નોગ! શું જુલમ! ન્યાતનો જુલમ તેઓએ સાંખી બેસી રહેવું ને ખુશામતોજ કરવી! ત્યારે મહાજન શા ખપનું!

શારદા—બ્હેન ન્યાત એ ગંગાનો પ્રવાહ છે. ન્યાત વિરોધીઓ સુખી નથી. એ શું આપ નથી જાણતા! ન્યાત વડેજ તરવું ને ન્યાત વડેજ ડૂબવું! દુખને સમયે ન્યાતીલાઓજ સહાય આપે છે. જેઓએ પોતાની ન્યાતની પરવા નથી કરી. તેઓને બાળક-બાળકીના વિવાહ સમયે લગ્ન-મરણના શુભાશુભ પ્રસંગોએ ઘણું ઘણું સહન કરવું પડેલું છે.

મંજુલા—ભાભી! ભાભી! જેટલા લોકો બીકણ છે, તેટલીજ તેમની દુર્દશા છે. તમે તો ન્યાતને છેક છાપરાની ટોચે ચડાવી દો છો. શું આ કહેવાતા આગાખાનીઓને ન્યાતે ન લીધા, તો તેમનું શું અટકી રહ્યું! પરિણામ તો જોયું: આખરે મહાજનમાં કકડા પડ્યા.

શારદા—ભલે! આજ મહાજનનાં કેટલાકો અનેકાનેક લાલચોને વશ થઇ તેઓના સંગી થયા, તેઓની કપટ જાળમાં લોભાયા ફસાયા પણ તેથી તેમને ન્યાતની જરૂર નથી પડવાની?

મંજુલા—નહિ શારદા! કુવાના કાચબા પેઠે ન્યાતના નાનકડા ખાડામાં પડી રહેવા કરતાં પોતાના વિચારના માણસોનું જુથ એકઠું

કરવું એમાંજ સાર છે. પછી ન્યાતની મુશ્કેલી શી રહી!

શારદા—ઠીક! ઠીક! એટલે તમારા કહેવા પ્રમાણે દરેક ન્યાતમાં પક્ષ બાંધીને વિખવાદ ઉભો કરી ધારેલી બાજી સર કરવી એજ કે બીજું!

મંજુલા—હા! હા! એમજ!

શારદા—ત્યારે પેલા પંડિત શ્યામચરણે પોતાના ભાષણમાં જણાવ્યું હતું, કે "ગુન્હેગારોના સંગી થવાથી અનેક ગુન્હેગારો થવા સંભવ છે," એમ ઘણા ન્યાયી માણસોનું કથન છે તે ખોટું! કેમ બ્હેન!

મંજુલા—ભાભી! પંડિતશ્રીનું કહેવું ખોટું તો નહિ પણ તેઓ અંતઃકરણથી દીલગીર છે, તો મહાજનને શા માટે જીદ પકડવી જોઇએ!

શારદા—વિચારો બ્હેન! મહાજનનો મગાન છેકજ પાયા વગરનો નથી. તમે તમારા આગાખાનીઓના પક્ષમાંના જેઓ ફરી આગાખાની ધર્મમાં ન જાય તેને માટે જામીનગીરી આપવા તૈયાર છો તે જણાવશો? ને જામીનગીરી મૂકશો?

મંજુલા—કદિ તેઓ જાય તો નહિ.

શારદા—બ્હેન ગરજ શરી રહીને કદાચ જાય તો તમારા નવા મહાજનનું શું ભુપણ રહ્યું? પછી તો તમારી કિંમત જેટલી હતી તેટલી કે તેથી પણ અધિક!

મંજુલા—ભાભી! હદથી વધારે ન બોલો! તમારા બગ—ભગતોજ ઉંધું મારે.

શારદા—બ્હેન ભુલ થઈ માફ કરો! પણ અમારા જેવા તો

ધર્મ દેહાંતે પણ બદલે નહિ અને વિધર્મીઓનો સ્પર્શ પણ કરે નહિ સમજ્યા !

મંજુલા—હવે જખ મારીને ભગતડા સંસર્ગ પણ રાખશે અને મંદીરના તેઓ દર્શન પણ કરશે કારણ અનેકાનેક સહીઓથી તૈયાર કરેલું વિજ્ઞપ્તિ પત્ર મહારાજશ્રી સમક્ષ રવાના થયું છે.

શારદા—ભલે ! તેથી શું થઇ ગયું !

મંજુલા—આ વાત આટલાથી પતી નથી પણ એ વાતમાં મહારાજશ્રી પણ સંમત હોય એવું સાંભળ્યું છે.

શારદા—કદિ નહિ ! ધર્મના નેતા, ધર્મના રક્ષક, તેના ભક્ષક કદિ ન થાય; તેમ થાય તો બીજા મહારાજશ્રીઓ તેમને પૂછી શકે તો એમાં મહારાજશ્રીને પણ ઘાણું સોસવું પડે !

મંજુલા—આપો આપજ મહારાજ માનશે. હવે એનું મંડળ વિશાળ થવા લાગ્યું છે. તેમની ન્યાતના કેટલાકોએ તો તેમની સાથે ભોજન પણ લીધું છે. મહારાજશ્રી કેટલાના દર્શન બંધ કરશે ?

શારદા—તેઓ સાથે ભોજન કરનાર દરેકના !

મંજુલા—ભાભી ! એ ધર્મગુરૂની આપખુદી સત્તાના જમાના ગયા. હવે તો સર્વની મરજી તેજ ગુરૂશ્રીઓની મરજી સમજવી. સમજ્યાંને ?

શારદા—નહિ ! એ હું માની શકતી નથી કે તેઓશ્રી પણ આ વિચાર કબુલ રાખે.

મંજુલા—આજે તેમની ન્યાતના કેટલાક ગૃહસ્થોએ તેઓ સાથે ભોજન લીધું. તેમના દર્શન બંધ થાય તો કેટલાક સમય પછી તેમના સંસર્ગીઓ ભોજન લે તો તેઓશ્રી શું બધાના દર્શન બંધ કરી. મોટી સંખ્યામાં વૈષ્ણવોનો બહિષ્કાર કરે એ શું સંભવિત છે કે ?

શારદા—પણ અરે તમારા કહેવાતા નવા મહાજનના પક્ષકારોની સંખ્યા વધારે છે એ શા ઉપરથી કહી શકો છો બ્હેન!

મંજુલા—શું! શા ઉપરથી! અમારૂં નવું મહાજન જમાના પ્રમાણે ચાલનારૂં છે, નહિ કે તમારી માફક પૂંછડું પકડીને ખેંચ્યામાંજ સાર જુએ.

શારદા—શું જમાના પ્રમાણે ચાલ્યું? અને શા શા ઠરાવો કરે એમ લાગે છે?

મંજુલા—જુઓ પરદેશગમનનો સવાલ હતો તેની સર્વને છૂટ આપીને આ દેશની આબાદીનું પહેલું બીડું ઝડપ્યું, તેને પરિણામે અન્ય શહેરના વણિકોએ પણ કર્યું ને પ્રાયશ્ચિત લીધું; ને જ્ઞાતીમાં દાખલ થયા.

શારદા—એ તો જુના મહાજને પણ પરદેશગમનના સવાલમાં ધર્મ સાચવવા ધારે તો સાચવી શકાય એમ ધારી કબુલ્યું હતું, પણ, પરદેશગમન કરી આવી કેટલાકે વંશનું, જાતનું કે દેશનું દળદર ફીટાડી દેશને ઉદ્યોગી કર્યો?

મંજુલા—ભાભી? અનેક દિવસના પરિશ્રમથી મેળવેલી દોલત ફક્ત ન્યાતની ચાર ઘડીની વાહવાહને માટે એક દિવસના ભોજનમાં વપરાઈ, બાળ બિચારા પાછળથી દેવાના દુઃખમાં ડુબે; એ સ્થિતિનો વિચાર કરી અધરણી, મરણ અને બીજા પ્રસંગોમાં ન્યાતના ક્રૂર ઠરાવોને અનુસરી કરવા પડતા ન્યાતવરા બંધ કરે! એ શું ઓછું?

શારદા—બરાબર, બ્હેન! શ્રીમંત વધારે શ્રીમંત થશે. પણ યાદ રાખજો કે સર્વ સંબંધ ન્યાતવરાને લીધેજ રહેલા છે. પછી તો કોઇ ફરકેજ નહિ અને સર્વ મુશ્કેલી એકનેજ શિર આવે. એ પણ

સુધારો ખાસો! વળી નવું મહાજન જમાડવાની વાત ચાલે છે તે ખરી કે?

મંજુલા—અરેરે! ભાભી! તમે હજુ જુના ને જુનાજ વિચારના રહ્યા છો. છેવટના ઠરાવ તો હું તમને નહિ સંભળાવું. કદાચ તમે બેભાન પણ થઈ જાઓ!

શારદા—નહિ બ્હેન! જરૂર નવા મહાજનના વરઘોડા સાંભળવા હું છાતીપર પત્થર મુકીશ. ચલાવો!

મંજુલા—ગરીબોના અનેક બાળકો વિદ્યા વગર મૂર્ખ રહી દશ-પંદર રૂપરડીમાં જીવન વ્યતીત કરતા: તેઓના લાભમાં પણ અમે; અજવાળું પાડીશું સ્કોલરશિપ કાઢી તેઓને વિદ્યામાં આગળ વધતા કરીશું! વળી ગરીબ નિરાશ્રિત વિધવાઓના પોષણનું ખર્ચનો પણ બંદોબસ્ત કરીશું

શારદા-હા! આ ઠરાવો સારા છે: અને આપણ પણ તમાંજ ગણાય છે.

મંજુલા-ન્યાતના ગણ્યા-ગાંઠ્યા માણસોમાંથી સુપાત્ર માણસો શોધતા મુશ્કેલ પડે, લાકડે-માંકડું ન વળગે, ને બાળાઓની જિંદગી સુખરૂપ નીવડે તે માટે અમોએ જ્યાં ભાણાવ્યવહાર ત્યાં બેટીવ્યવહાર ને ઇચ્છાવરની છૂટ આપવા વિચાર કર્યો છે. તેથીજ ન્યાતના બંધન શિથિલ થશે. સમજ્યા ભાભી!

શારદા હા બ્હેન! એ ઠરાવથીજ ગરીબોના બચ્ચાં લટકશે, શ્રીમંતો પારણામાંથી ઝડપાશે. જેથી નવું મહાજન રંકના આશિર્વાદ મેળવશે. રંક બાળાઓ જિંદગી સુધી મેણાં-ટોણાં સાંભળશે, અને આ કૃત્ય માટે પાછળથી તેઓના મા-બાપો પોતાની ન્યાત છોડી

પારકા ન્યાતમાં કન્યાને સુખ આપવા ગયા, તેઓ પણ એ બાળાઓ તરફની પહેરામણી પામશે. કેમ બ્હેન ?

મંજુલા—ભલે ! તે ગમે તેમ હોય; પણ હવે કહેવાતા આગાખાની બંધુઓને કે હમારા જેવા સુધારકોને ન્યાતની પરવા શી રહી ભાભી ?

શારદા—જો ગુસ્સો ન લાગે તો મારે જણાવવું જોઇએ કે મુંબાઇમાં થએલા આર્યન બ્રધરહુડના ખાનામાં જમનારાઓએ મુંગે મોઢે પ્રાયશ્ચિત કરી તેની ન્યાતને સંતોષ આપ્યો, તેથી મહાજને તે વાત તે તે ન્યાતોને પૂછી નહોતી. માટે છેવટે "એ ઘરનો પરોણો ભૂખ્યો બેસે" એ સ્થિતિ થશે ! સમજ્યા બ્હેન !

મંજુલા—ભાભી તમને તો સર્વમાં શંકા ? સાંભળો, ચોકશો નહિં; હાં ભાભી ? બાલ્યકાળમાં પરણી સંસારનું સુખ ભોગવવાના કાળમાં તેથી દૂર રહેતી અભાગી બાળા ખૂણામાં બેસી આંસુ પાડે, શુભ પ્રસંગોથી દૂર રહે, પોતાની બેનપણીના સુખ જોઈ મનમાં બળે, રાંડ ! રાંડ ! કહી દુનીઆમાં વગોવાય. અરે ! તેઓપર કુશંકા જાય; અને જુવાનીની દિવાનીમાં કદાચ ભેરવાઈ, કૂળની મોટાઇ સાચવવા, બાળહત્યા કરે; વગેરે દુઃખોનો વિચાર કરી અમારા નવા મહાજન વિધવાવિવાહના પણ છૂટ આપવા વિચાર રાખે છે ભાભી અંતે આવા ઉમદા ઠરાવોથી અનેક માણસો અમારામાં સામેલ થાય છે. દિવસે દિવસે સંખ્યાબળ વધે છે; અને તમારૂં અંધારાના આવરણમાં ઘેરાયલું જુનું મહાજન પ્રતિદિન ઘટે છે એ નિશ્ચય સમજજો !

શારદા—(આવેશમાં આવી) ભલે! સ્વાર્થીઃ તેથી શું? અસુરનો પક્ષ બળવાન છતાં રામચંદ્રજી નીજ સંખ્યાથી વિજય પામ્યા હતા. કંસનો પક્ષ સ બાળસ્વરૂપ કૃષ્ણજી એકલા છતાં જયં તેમનાજ લાભમ બ્હેન! સત્યના સંગી ઓછાં હોય, પણ સંગીન હોય છે; અંતમાં સત્યનો જય થાય છે, સમજ્યા બ્હેન! હા! કુળોમાં પણ નીચ ન્યાતો માફક નાતરાં!! પ્રભુ! પ્ર આપેજ સ્વમુખે ભગવદગીતાના ચોથા અધ્યાયમાં જણાવેલું

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

વ્હાલો પધારશે! પધારશે! કહી તે બેશુદ્ધ થઈ જમીનપર ગબડી પડી. મંજુલા તો જતી રહી. છેવટે તેજ બિચારી થોડો સમય રહી હુશિયાર થઈ બેઠી વિચારવા લાગી.